‘કેમ છો ટ્રમ્પ’ કાર્યક્રમને આખરી ઓપ

મોટેરામાં ટ્રમ્પ ૧૫૦ મિનિટ સુધી ઉપસ્થિત રહેશે : ટ્રમ્પનો કાર્યક્રમ જાહેર : કેમ છો ટ્રમ્પ વેળા એક લાખથી વધુ લોકો મોટેરામાં ઉપસ્થિત રહેશે : મોદીના આમંત્રણ ઉપર પ્રથમ વખત ભારતની ઐતિહાસિક યાત્રાએ પહોંચનાર ટ્રમ્પ સીધા જ અમદાવાદ પહોંચશે : સાબરમતી આશ્રમની મુલાકાતે પહોંચશે

અમદાવાદ, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ભારતની પ્રથમ ઐતિહાસિક યાત્રાએ આવી રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેમ છો કહેતા નજરે પડશે. અમેરિકી પ્રમુખની ૨૪મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી પોતાની ભારત યાત્રાના પ્રથમ તબક્કામાં ગુજરાત પહોંચશે. અમેરિકામાં થયેલા હાઉડી મોદીની જેમ જ ગુજરાતના અમદાવાદ શહેરમાં બનેલા દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં એક લાખ લોકોની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રમ્પ અને તેમના પત્નિ મેલાનિયાનું ભવ્ય સ્વાગત કરશે. કેમ છો ટ્રમ્પ કાર્યક્રમ સાથે જોડાયેલા સુત્રોએ કહ્યું છે કે, અમેરિકી પ્રમુખ અમદાવાદ પહોંચશે અને આશરે ૨૧૦ મિનિટ સુધી રોકાશે. મોદીના વતન રાજ્ય પહોંચી રહેલા ટ્રમ્પ કાર્યક્રમને લઈને ખુબ જ ઉત્સુક છે. મોદીની પ્રશંસા કરતા ટ્રમ્પે હાલમાં જ કહ્યું હતું કે, મોદી તેમના ખુબ સારા મિત્ર છે અને ખુબ શાનદાર વ્યક્તિ છે. તેઓ પોતે ભારત આવવા માટે ઈચ્છુક છે. અમેરિકી પ્રમુખે કહ્યું છે કે, આ સપ્તાહના અંતમાં તેઓએ વડાપ્રધાન મોદી સાથે વાત કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, મોદીએ કહ્યું છે કે, અમારે ત્યાં લાખો લોકો રહેશે.

તેમનું માનવું છે કે, માત્ર એરપોર્ટથી લઈને ન્યુ સ્ટેડિયમ સુધી ૫૦થી ૭૦ લાખ લોકો રહેશે. દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમ તરીકે આનું નિર્માણ થઈ રહ્યું છે જે હવે પૂર્ણ થઈ ચુક્યું છે. પહેલાની સરખામણીમાં ચાહકોની સંખ્યા ક્ષમતા બે ગણી કરી દેવામાં આવી છે. ટ્રમ્પ પોતાની યાત્રા દરમિયાન સાબરમતી આશ્રમ પણ જશે. તેમની યાત્રાને ધ્યાનમાં લઈને અમદાવાદ વિમાની મથકથી લઈને સાબરમતી આશ્રમ સુધીના ૧૦ કિલોમીટર સુધીના માર્ગને જોરદારરીતે શણગારવામાં આવી રહ્યું છે. ટ્રમ્પ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે.

હજારો કાર, બસ માટે પાર્કિંગની વ્યવસ્થા

પાર્કિંગના ક્ષેત્રમાં પાણી, મેડિકલ ટીમ, મોબાઈલ ટોયલેટ વાનની સુવિધા ઉપલબ્ધ પ્રાથમિક આયોજનની તૈયારી : ટ્રાફિકની સમસ્યાને ટાળવાના હેતુસર આયોજન

અમદાવાદ,તા. ૧૩

અમદાવાદમાં હાલ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આગામી મુલાકાતને લઈ રોજ નવા સમાચાર અને નવી વ્યવસ્થાના આયોજનની વાત સામે આવી રહી છે. અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની દેશના વડાપ્રધાન મોદી સાથે આગામી તા.૨૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વના સૌથી મોટા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમની મુલાકાતે આવનાર છે. આ મુલાકાતને લઈ હજારો વાહનોના પાર્કિંગ અને તેની ગોઠવણ માટે મોટેરા સ્ટેડિયમની આસપાસ ખાસ પ્રકારે ૧૫ પાર્કિંગ પ્લોટ તૈયાર કરવામાં આવ્યા છે. આ પાર્કિંગ પ્લોટમાં ટ્રાફિકની સમસ્યા ના સર્જાય તે માટે ખાસ ઈલેક્ટ્રોનિક કાઉન્ટ સીસ્ટમ ગોઠવવામાં આવશે, જેનાથી પાર્કિંગની ખાલી જગ્યા અંગે માહિતી મળશે. આ ૧૫ પાર્કિંગ પ્લોટમાં ૫૬૦૦ કાર, ૨૧૦૦ બસની સાથે દરેક પ્લોટમાં ૩૦૦થી ૫૦૦ ટુ વ્હીલર પણ પાર્ક થઈ શકશે. એટલું જ નહી, પાર્કિંગ પ્લોટમાં પીવાના પાણીની, મેડિકલ ટીમ, ફર્સ્ટ એઈડ કીટ, મોબાઈલ ટોયલેટ વાન સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ બનાવાશે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને લઈ સરકારના અલગ અલગ વિભાગ, પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા દિવસ-રાત કામગીરી કરવામાં આવી રહી છે. ટ્રમ્પની મુલાકાતને લઈ અમદાવાદ યુનિસિપલ કોર્પોરેશન તંત્ર કામે લાગી ગયું છે. કોર્પોરેશન દ્વારા મોટેરા, વિસત ગાંધીનગર રોડ, સાબરમતી સહિતના આસપાસના ૧૦ કિલોમીટર વિસ્તારના ૧૬ રોડ રસ્તા નવા બનાવવાની કામગીરી ચાલી રહી છે અને તા.૧૫ ફેબ્રુઆરી સુધીમાં રસ્તાના કામો પૂર્ણ કરી દેવાના આદેશ કરવામાં આવ્યા છે.

ડીસા માર્કેટયાર્ડ દ્વારા ડીસાની ૩.૨૭ લાખ જન સંખ્યાને અકસ્માત વીમા સુરક્ષા કવચ અપાયું

ડીસા માર્કેટયાર્ડ દ્વારા વિમા કંપનીને ૫૫.૭૨ લાખ રૂપિયા નું પ્રિમિયમ આપયું : ૬૪૨ વારસદારોને રૂ. ૬.૪૨ કરોડની સહાય ચુકવાઇ

ડીસા, તા.૧૩

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટયાર્ડ) દ્વારા ડીસા શહેર તેમજ તાલુકાની ૩.૨૭ લાખ ઉપરાંતની જનસંખ્યાને અકસ્માત વીમા યોજના અંતર્ગત આવરી લઈ અકસ્માત વિમા સુરક્ષા કવચ પુરૂ પાડવામાં ગુજરાતમાં પ્રથમ નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડીસા એપીએમસીએ અત્યાર સુધીમાં છ કરોડ ઉપરાંતની રકમ મૃતકોના વારસદારને ચૂકવી છે.

ડીસા એપીએમસી દ્વારા વર્ષ ૨૦૦૭ થી ડીસા તાલુકાના ખેડૂત ખાતેદારોને અકસ્માત વીમા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. અગાઉ આ યોજનામાં ખેડૂતોને જ લાભ મળતો હતો પરંતુ તેમના વારસદારોને આ યોજનાનો લાભ મળતો ન હતો. જેથી વર્ષ-૨૦૧૩ માં નવા વરાયેલા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ ખેડૂતો, વેપારીઓ ઉપરાંત ડીસા તાલુકાની પાંચ વર્ષથી ૭૦ વર્ષ સુધીની તમામ જનસંખ્યાને અકસ્માત વીમા સુરક્ષા યોજનામાં સામેલ કરી એક અનોખી પહેલ કરી છે.

ડીસા માર્કેટયાર્ડ દ્વારા ડીસા તાલુકાની પાંચ થી ૭૦ વર્ષ સુધીની ૩,૨૭,૮૧૩ જનસંખ્યા ને વિમા સુરક્ષા હેઠળ આવરી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપનીના ડીવીઝનલ મેનેજર એ.આર.વણકર ને રૂપિયા ૫૫,૭૨,૮૨૧ ના પ્રિમિયમનો ચેક સુપરત કરવામાં આવ્યો હતો. ડીસા માર્કેટયાર્ડ દ્વારા અકસ્માત વીમા, રાહત દરે દવાઓ, હોસ્પિટલ, સીટી બસ જેવી અનેક સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યાં છે. જેમાં ડીસા માર્કેટયાર્ડના સાથી સદસ્યો અને લોકોનો પણ સાથ સહકાર મળી રહ્યો છે તેમ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું. જયારે ડીસા માર્કેટયાર્ડ દ્વારા લેવામાં આવેલ ગ્રૂપ જનતા અકસ્માત વીમા યોજના અંતર્ગત અકસ્માતમાં મૃત્યુ પામનાર કમનસીબ મૃતકોના ૬૪૨ વારસદારોને રૂપિયા એક એક લાખ મળી કુલ રૂપિયા ૬.૪૨ કરોડની સહાય ચુકવવામાં આવી છે તેમ ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન.જોષીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સૌથી વધુ બજાર વિસ્તાર (ડીસા તાલુકાના ૧૨૦ ગામ અને ડીસા શહેર મળી કુલ ૧૨૧ ગામ) ધરાવતી ડીસા એપીએમસી એ અકસ્માત વિમા યોજનામાં તમામ જનસંખ્યાને આવરી લેતાં લોકો પણ આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી રહ્યાં છે.

નાગરિકતાનો કાયદો નાગરિકતા આપે છે અને કોઈનો નાગરિકત્વનો હક્ક છિનવતો નથી : રૂપાણી

રાજકોટની રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા નાગરિક અધિકાર કાયદાના સમર્થનમાં યોજાયેલી વિશાળ તિરંગાયાત્રાને પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૩

અત્રે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રીય એકતા સમિતિ આયોજિત કેન્દ્રીય નાગરિક સંશોધન કાયદાને સમર્થન આપવા યોજાયેલ રાષ્ટ્રીય એકતાની ૨ કી.મી. લંબાઈના રાષ્ટ્રધ્વજની તિરંગાયાત્રાને પ્રસ્થાન કરાવતા પ્રસંગે યોજોયલ સભાને સંબોધતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ભારત દેશને મજબૂત અને શક્તિશાળી બનાવી ભારતને કોઈ નબળો ન કરી શકે અને દુર્ગાદેવી જેવી ભારતમાતાને શક્તિશાળી બનાવીએ. આપણે સૌ જાતિ પ્રાંત અને ભાષાવાદથી ઉંચે ઉઠીને શક્તિશાળી રાષ્ટ્ર આપણા માટે પહેલા છે. રાષ્ટ્ર માટે જીવીશું અને રાષ્ટ્ર માટે મરીશું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ભૂતકાળના શાસકો એ દેશની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ, દેશદાઝ, સ્વાભિમાનની સમસ્યાના નિરાકરણ માટે કશાં પ્રયત્નો કર્યા ન હતાં, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એરસ્ટ્રાઈક અને સર્જીકલ સ્ટ્રાઈક દ્વારા દુનિયાને બતાવી દીધું કે ભારત તાકતવર દેશ છે. કોઈ આ દેશ ઉપર ખરાબ નજર નહી કરી શકે, અમે લોકસભાની ચૂંટણીમાં જે વચનો લોકોને આપ્યા હતા તે એક પછી એક પૂર્ણ કરી રહ્યા છીએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે અભૂતપૂર્વ અને ઐતિહાસિક નિર્ણય લઈને કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ લોકસભા-રાજ્યસભામાં બહુમતિથી પસાર કરાવીને દૂર કરેલ છે. કાશ્મીરને ભારતનું અવિભાજ્ય અંગ બનાવેલ છે. હવે કાશ્મીરનો વાસ્તવિક વિકાસ શરૂ થયેલ છે. ટ્રીપલ કાયદો રદ કરીને મહિલા-પુરૂષોને સમાન તકનો નિર્ણય કરેલ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું કે ૧૯૪૭માં ધર્મના નામે દેશના ભાગલા થયા હતા એ વખતે પાડોશી દેશોમાંથી પીડિત થઈને આવેલા આપણા અલ્પસંખ્યક ભાઈઓ બહેનો પાડોશી દેશોમાંથી આવ્યા પરંતુ વોટબેંક અને ધર્મ આધારિત રાજનીતિના કારણે આપણી યોજનાઓનો લાભ ન મળ્યો અને નાગરિકતા ના મળી, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહ, દેશહિતમાં એક અભૂતપૂર્વ નિર્ણય કરીને લોકસભા અને રાજ્યસભામાં નાગરિકતા સંશોધન કાયદો પસાર કરાવીને હવે આપણા શરણાર્થી ભાઈઓ-બહેનોને નાગરિકનો અધિકાર મળશે આ કાયદાથી નાગરિકતા દેવાની વાત છે.

ભિલોડા મામલતદાર કચેરીમાં સામાજીક આગેવાનો ધ્વારા આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૧૩

ભિલોડા મામલતદાર કચેરીમાં સામાજીક આગેવાનો ધ્વારા નાયબ મામલતદાર જે.જે.પટેલને આવેદનપત્ર અપાયું

હતું. ભિલોડા ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ, ગુજરાત પ્રદેશ, પ્રમુખ સહિત સામાજીક આગેવાનોએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે માતાની જાતિના આધાર પર સંતાનને એસ.સી., એસ.ટી. સર્ટીનો પરીપત્ર રદ કરવા અને એલ. આર. ડી.ની ભરતીમાં થયેલ ઠરાવ રદ કરવા તેમજ એસ.ટી., એસ. સી., ઓ.બી.સી.ની જગ્યાઓ નિયમ પ્રમાણે ભરવા બાબતે ધારદાર રજુઆત રજુઆત કરાઈ હતી.

માતાની જાતિના આધાર પર સંતાનને એસ.સી., એસ.ટી.ના સર્ટીનો કેન્દ્ર સરકારનો પરીપત્ર રદ કરવો, આ બંન્ને સમાજની કોઈ કન્યાના રાજીખુશીથી અન્ય જાતિમાં લગ્ન કરવામાં આવતા નથી, ફક્ત પ્રેમ લગ્ન કરેલ હોય છે. અન્ય સમાજ જોડે લગ્ન કરતી કન્યાઓ સાથે આ બંન્ને સમાજને કોઈ લાગતું વળગતું નથી એટલે આવા બાળકોને એસ.સી., એસ.ટી.માં ગણવા નહી, (છુટાછેડા, અલગ રહેતી કે સિંગલ મધર) આવી કન્યાઓના બાળકોને એસ.સી., એસ.ટી. ગણવા નહી, અમારા બંન્ને સમાજને માન્ય નથી, આ પરીપત્ર રદ કરવા નમ્ર અરજ છે.

એલ.આર.ડી.ની ભરતીમાં રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે તા.૧/૮/૨૦૧૮ ના ઠરાવથી રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવા માટે માર્ગદર્શીકા અપાઈ છે.ભારતના બંધારણ, સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનું ઉલ્લઘન કરીને અનામત વર્ગની મહિલાઓને અન્યાય કરેલ છે.ઠરાવ રદ કરવા અરજ છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬(૪) અને ૧૬(૧)ની જોગવાઈ અનુસાર તમામ જગ્યાઓની ભરતીમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. પછાત વર્ગો માટે અમુક

ડુંગળી સસ્તી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. થોડા સમય અગાઉ કમોસમી વરસાદમાં પણ ડુંગળીના પાકને નુકશાન થયુ હતુ. જેને લીધે તેના ઉત્પાદનમાં ઘટાડો થતા ભાવો ઉંચકાયા હતા. ત્યારે ખેડૂતોને તેનું ડુંગળીના પૂરતા ભાવો યાર્ડમાં મળી રહ્યા હતા. પરંતુ આ ભાવો સામાન્ય કે ગરીબ પ્રજાને પોસાય તેમ ના હોય ડુંગળીના આયાતથી ભાવો ઘટ્યા છે. જે ખેડૂતો માટે નુકશાનદાયક નિર્ણય છે. ત્યારે સરકાર અહીંના ખેડૂતોને પૂરતા ભાવ આપી ડુંગળીની ખરીદી કરે અને આયાત બંધ કરે તેવી માંગ કરી રહ્યા છે. જ્યારે હાલ ડુંગળીનું મબલક ઉત્પાદન થઈ રહ્યું છે. ત્યારે ફરી નિકાસ કરવામાં આવે અને તેમાં પણ રાહત આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. ભાવનગર જિલ્લો ડુંગળીના ઉત્પાદનમાં રાજ્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે. અહીંની ડુંગળી વિદેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે ત્યારે સરકાર ખેડૂતો અને પ્રજાને લક્ષમાં રાખી યોગ્ય ભાવો નક્કી કરે જેથી કોઈને રડવાનો વારો ના આવે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે. અપૂરતા ભાવો ખેડૂતો માટે મુશ્કેલી સર્જી શકે છે.

મેરેથોન બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. આવતીકાલે વાતચીતનો સિલસિલો જારી રહેશે. જરૂર પડે બિન અનામત વર્ગના નેતાઓએ મુખ્યમંત્રીને મળવાની પણ તૈયારી બતાવી હતી. સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાયેલી બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહરાજય મંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના પ્રધાનોએ સરકાર તરફથી સાથે બિનઅનામત વર્ગના ૮ જેટલા લોકોના પ્રતિનિધિમંડળની રજૂઆત અને માંગણી સાંભળ્યા હતા. બિનઅનામત વર્ગના પ્રતિનિધિમંડળમાં રમજુભા જાડેજા, દિનેશ બાંભણીયા, પૂર્વીન પટેલ, યજ્ઞેશ દવે, અમિત દવે, ભરત રાવલ, એ.કે.પટેલ, રાજ શેખાવત સહિતના પ્રતિનિધિઓ ખાસ હાજર રહ્યા હતા. બેઠકમાં ભારતીય બંધારણની જોગવાઈઓ, સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાઓ સહિતના અનેકવિધ પાસાઓ પર મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

કલંકિત ઈતિહાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ કરવામાં આવ્યો હતો. ઉમેદવારોના અપરાધિક રેકોર્ડને અખબારો, વેબસાઈટો અને સોશિયલ મિડિયા સમક્ષ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. જસ્ટિસ આરએફ નરિમન અને જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટની બનેલ બેંચે કહ્યું હતું કે, સ્વચ્છ ઈમેજ ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાના બદલે ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપવા માટેના કારણો પણ રાજકીય પક્ષોને આપવા પડશે. બેંચે ચૂંટણી પંચ દ્વારા સૂચવવામાં આવેલા મુદ્દાઓને સ્વિકારી લીધા છે. ચૂંટણી પંચે રજૂઆત કરતા કહ્યું હતું કે, રાજકીય પક્ષોને ઉમેદવારોની પસંદગી કરતી વેળા સ્પષ્ટીકરણની સાથે વેબસાઈટ ઉપર ઉમેદવારોની વિશ્વસનીયતા, સિદ્ધિ અને ફોજદારી રેકોર્ડ જમા કરાવવાના રહેશે. જીતી શકાય તેવા ઉમેદવારની પસંદગી કરવામાં આવે છે તેવી દલીલને આજે ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે ઠેરવ્યું હતું કે, પસંદગી માટેના કારણો વાજબી રહેવા જોઈએ જેમાં લાયકાત, સિદ્ધિ અને સંબંધિત ઉમેદવારોના મેરિટની વાત હોવી જોઈએ. ઉમેદવારની પસંદગી કરવામાં આવ્યા બાદ ૭૨ કલાકની અંદર ચૂંટણી પંચને નિયમ પાલન અંગે રિપોર્ટ આપવાની જરૂર છે. જે લોકોની સામે અપરાધિક કેસ છે, જેની સામે અન્ય મામલા રહેલા છે તેની સામે વિગત આપવી પડશે.

ભીષણ અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ

બસમાં મોટા ભાગના પ્રવાસીઓ ઉંઘમાં હતા જેને કારણે તેમને પોતાની જાતને સંભાળવાનો અવસર જ નહતો મળ્યો. મૃતકોમાંથી ૧૦ લોકો બિહારના રહેવાસી હતા. હજી પણ ચાર મૃતકોની ઓળખ થઈ શકી નથી. ઘટનાની તપાસ કરી રહેલા પોલીસ અધિકારીએ જણાવ્યું કે ટ્રકનું ટાયર પંચર થઈ જતા તે રસ્તાની એક બાજુ પર ઉભો હતો.

બોંબ બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેન્ટ્રલ બાર એસોસિએશનના અધ્યક્ષ આદેશસિંહે કહ્યું હતું કે, સંજીવ લોધી લખનૌ બાર એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી તરીકે છે તેમના ચેમ્બરની સામે ત્રણ બોંબ ઝીંકવામાં આવ્યા હતા. ત્રણ પૈકી એક બોંબ બ્લાસ્ટ થયો હતો જ્યારે બીજા બે બોંબ મળી આવ્યા હતા. હુમલાખોરોએ તમંચા હવામાં લહેરાવ્યા હતા. એમ માનવામાં આવે છે કે, લખનૌ બાર એસોસિએશનના સેક્રેટરી જીતેન્દ્ર યાદવ ઉર્ફે જીતુ સાથે તેમનો વિવાદ ચાલી રહ્યો હતો. દાવા કરવામાં આવી રહ્યા છે કે, જીતુ અને તેમના લોકો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. અંધાધૂંધીના કારણે ક્ષણિક તંગદિલી પણ ફેલાઈ હતી.

મદરેસાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગારની ચુકવણી કરવા માટે તૈયાર છે. સરકાર દર વર્ષે મદરેસ પર ત્રણથી ચાર કરોડ રૂપિયા ખર્ચ કરે છે. બિસ્વાએ કહ્યુ છે કે આ મદરેસામાં કાર્યરત શિક્ષકો રોજગારીની ચિંતા કર્યા વગર ઘરે પણ રહી શકે છે. સરકાર તેમની નિવૃતિ સુધી પગાર ચુકવવા માટે તૈયાર છે. આવી જ રીતે સંસ્કૃત સંસ્થાના ફંડિગને રોકવા માટે કેટલાક નિર્ણય કરવામાં આવ્યા છે. ધાર્મિક આધાર પર મદરેસાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તેમ કોઈ લોકો ન કહે તે માટે પણ કેટલાક નિર્ણય કરવામાં આવ્યા છે.

આવાસ ખરીદ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમેરિકી અખબાર વોલસ્ટ્રીટ જનરલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આમા અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે. ૨૦૧૯માં લાસન મર્ડોક દ્વારા એરએસ્ટેટને ખરીદવા માટે આશરે ૧૫ કરોડ ડોલરની ચુકવણી કરી હતી. આવાસની વાત કરવામાં આવે તો વોર્નર એસ્ટેટ નામથી રહેલા આ બંગલામાં અતિઆધુનિક તમામ વિશાળ જગ્યાઓ છે જેમાં ગેસ્ટ હાઉસ, ટેનિસ કોર્ટ, ગોલ્ફ કોર્સનો સમાવેશ થાય છે. વોર્નર બધર્સના પૂર્વ અધ્યક્ષ જેક વોર્નરે આ ઘરનું નિર્માણ ૧૯૩૦માં કર્યું હતું.

પ્રસંગસર

● ચોથા પાનાનું ચાલુ

● જો તમે સિંગલ છો તો ૧૫ મી ફેબ્રુઆરીના રોજ સિંગલ ડે ઉજવવામાં આવે છે. આ દિવસને વેલેન્ટાઈન ડેના પુરક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

● ૧૪મી ફેબ્રુઆરી નાતાલ પછી બીજો સૌથી મોટો કાર્ડ આપવાનો દિવસ છે. આ દિવસે વિશ્વમાં લગભગ એક અબજ કાર્ડ્સની આપ-લે કરવામાં આવે છે.

● દુનિયામાં સોથી મોંઘી ભેટમાં ૧૨.૧ મિલિયન ડોલરની બુગાટી કાર ૩.૧ મિલિયનની હેન્ડ બેગ, ૨૦ મિલિયનની વોચ, ૬ મિલિયનની પેન, ૩.૪ મિલિયનના સોના જડીત સનગ્લાસનો સમાવેશ થાય છે.

“જીવન માં એક જ સુખ છે, પ્રેમ કરવો અને પ્રેમ કરવો.” —જ્યોર્જ સેન્ડ

“સૂર્યપ્રકાશ વિના ફૂલ ખીલતુ નથી અને માણસ પ્રેમ વિના જીવી શકતો નથી.” —મેક્સ ગુલર

“પ્રેમ એ જીવન ની સૌથી મોટી તાજગી છે.” —પાબ્લો પિકાસો

“જ્યાં પ્રેમ છે ત્યાં જીવન છે”

“વિશ્વની શ્રેષ્ઠ વસ્તુઓ અને સુંદર વસ્તુઓ જોઈ કે સ્પર્શી શકાતી નથી પરંતુ હૃદયથી અનુભવી શકાય છે.” —હેલન કેલર